**વળી એક વિશેષ સાવ અલગ પ્રકારની રહસ્યચક્રમાં, જેનો વિષય છે એક પુરુષ અને બે સ્ત્રી બરાબર મોત?! અથવા કહો કે બેવફાઈનો બૂરો બદલો...**

# એક પરિણીત પુરુષ ઈતર છોકરી સાથે રાતવરત ઘૂમે તો...

## કાર એક ઈમ્પોર્ટેડ-1

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા




અલકેશે ફાર્મ પરની ઓરડીનું બારણું આસ્તેથી બંધ કર્યું. અંધારામાં હાથ ફંફોસીને રક્ષાની મુલાયમ કમર શોધી કાઢી. પરસ્પરને ટેકે બંને કાર લગી પહોંચ્યા. કાર ચાલુ કરી. ખુમ્મ. ખુમ્મ... ઈમ્પોર્ટેડ ઈમ્પાલાનું શક્તિશાળી છતાં શાંત એન્જીન કોઈ મદભર લલનાના હાસ્ય જેવો મૃદુ રવ કરી રહ્યું. બધી વિદેશી, ઝડપી, દેશી ગાડીઓમાં હોય છે તેમ આ ગાડીમાં પણ સીટ બેલ્ટ હતા જ. બંનેએ તે પોતાની કમરે ભીડી લીધા. ભારતમાં સીટ બેલ્ટનો ઉપયોગ ઘણાખરાને નથી ગમતો, પણ અલકેશ બહુ સાવચેત આદમી હતો. વળી, એ ઉતાવળો ડ્રાઈવર હતો. પોતાની લકઝરી ગાડીઓની આ સગવડનો ઉપયોગ કરવાનો એ હંમેશા આગ્રહ રાખતો.

ગાડી પહેલા ગીઅરમાં નાખીને અલકેશે ખૂબ ધીમી ગતિએ તેને ફાર્મની બહાર કાઢી હાઈવે પર ચડતાં પહેલાં એણે ધારી ધારીને બંને બાજુ જોઈ લીધું.

એની જોડેની જ બેઠકમાં બેસીને સુવાસ પ્રસરાવી રહેલી રક્ષાના વ્યંગપૂર્ણ હાસ્યે અલકેશની ડોકને સહેજ એ તરફ ઘુમાવી દીધી. 'હસવું શાનું આવે છે, અલે?' એણે પૂછ્યું.

'તારું ડ્રાઈવિંગ જોઈને.'

'અચ્છા?'

'તું બહુ કાળજીવાળો માણસ છે, ભાઈસા'બ! દરેક વાતમાં ચીકાશ અને ચોખવટ! ઘણી વાર મને તો ચીડ પણ ચડે છે તારી નાની નાની વાતોની ઝંઝટ જોઈને!'

અલકેશે એક ફિક્કું સ્મિત કરીને ચહેરો ફેરવી લીધો. ડ્રાઈવિંગમાં ધ્યાન પરોવતાં એણે વિચારવા માંડયું. ચોકસાઈ તો રાખવી જ પડે. એક પરિણીત પુરુષ જ્યારે ઈતર છોકરી સાથે રાતવરત ઘૂમે ત્યારે ચોક્કસ જ રહેવું પડે. ડ્રાઈવિંગમાં પણ ધ્યાન રાખવું પડે. જરા સરખો પણ અકસ્માત થઈ જાય તો નામ છાપે ચડે અને સૌ જાણી જાય કે મોટરમાં એક છોકરી પણ બેઠી હતી, અને એ રૂપવતી યુવતીની મોટરમાં હાજરી બીજા કોઈને નોંધપાત્ર લાગે કે ન લાગે, માર્દવી તો જરૂર એ વાત નોંધે જ અને... અને એને પરિણામે...

એ પરિણામનો ખ્યાલ ઘણી વાર અલકેશને ધ્રુજાવી મૂકતો. પોતે જે કાંઈ હતો તે માર્દવીને પ્રતાપે જ હતો. કોલેજમાં જ્યારે માર્દવી સાથે ઓળખાણ થઈ ત્યારે અલકેશ તો દાન-ફંડોમાંથી સહાય મેળવીને અભ્યાસ કરતો હતો. માર્દવી તો એ વેળા પણ એની પોતાની ઈમ્પોર્ટેડ કાર લઈને ભણવા આવતી. એ પછી અલકેશને બે વાતોનું ઘેલું લાગી ગયું. એક માર્દવીનું અને બીજું ઈમ્પોર્ટેડ કારનું. ખૂબ જ સાવચેત અને ગણતરીબાજ તો એ પહેલેથી જ હતો. ગણતરી કર્યા વગર એક પગલુંપણ નહિ ભરવાનો સ્વભાવ હતો, એટલે ગણતરીઓ માંડીને એણે માર્દવીને મેળવી લીધી. માર્દવી મળી એટલે કરોડોપતિ પિતાની એ એકમાત્ર સંતાનની ઈમ્પોર્ટેડ કાર તો આપોઆપ મળી ગઈ. પરંતુ એ વગર મહેનતની પ્રાપ્તિ હતી. એ જાળવવા માટે વળી વધુ સચેત રહેવું પડતું હતું.

એકાએક એને ખ્યાલ આવ્યો કે બાજુમાંથી એક સ્વાર્તય સુવાસ આવી રહી છે. વિચારોના પ્રવાહમાં તણાઈને એ પોતાનું અસ્તિત્વ ભૂલી ગયો હતો. એથી રક્ષા એની નજદીક નમી હતી અને એના દેહની તાજીતાજી સુવાસ અલેકશના નસકોરામાં ઉત્તેજના જગાવી રહી હતી. એણે એક ઊડતી નજર એ તરફ નાખી દીધી. રક્ષાની સદાય રૂખી વિહવળ નજરો એના ભણી નમી હતી. એના ભરપૂર હોઠ અધીરા બની ગયા હતા. 'છેટી રહે, મૂરખી?' એક અઘરા વળાંકને સીફતથી વટાવતાં અલકેશે કહ્યું. 'ત્રણ કલાકથી તો મારું લોહી પીએ છે. હજુ ધરાઈ નથી? જો કોઈ ટ્રક સાથે ટકરાઈ જઈશું તો ખેલ બધો થઈ જશે ખતમ.' પણ બોલતાં બોલતાં એની છાતીના ધબકારા વધી ગયા હતા. એ જાણતો હતો કે ત્રણ કલાક સાથે રહેવા છતાં એ પોતે પણ ધરાયો નહોતો. આજે જ નહિ, રક્ષાના મનોહર રૂપનું પાન કરતાંએ કદી ધરાતો નહોતો. ઘણીવાર આવેશમાં આવીને એ કહેતો, 'રક્ષા! તું મારી પત્ની હોત તો કેવું સારું થાત!' પણ રક્ષા એની પત્ની નહોતી. માર્દવી એ સ્થાન સંભાળી રહી હતી અને બહુ કુશળતાથી સંભાળી રહી હતી, એટલી બધી કુશળતાથી કે એને એ પણ ખબર પડી ગઈ હતી કે અલકેશ કોઈ સ્ત્રીના સંસર્ગમાં છે!

એથી ગત ઘણા દિવસોથી અલકેશના મસ્તક પર ભારે બોજ આવી પડયો હતો. માર્દવીને શી રીતે ખબરપડી ગઈ હશે, એ જ બિચારાને સમજાતું નહોતું. અને હમણાં હમણાંતો માર્દવી સતત એને ચેતવણીઓ આપ્યા કરતી હતી. કોણ છે એ છોકરી? કેવી છે? કેમ તું એને છોડી દેતો નથી? જો નહિ છોડે તો હું છૂટાછેડાનો દાવો દાખલ કરીશ અને છૂટાછેડાની વાત અલકેશને ધ્રુજાવી મૂકતી હતી, કારણ કે જીવનમાંથી માર્દવી જાય એટલે કારખાના જાય. કારખાનાં જાય એટલે આવક જાય. આ ઈમ્પોર્ટેડ ગાડી અને મૂળે આવકવેરો ચોરવા ખરીદેલ તથા હવે રક્ષા સાથેની રાસલીલાનું વૃંદાવન બનેલું ફાર્મ જાય અને પછી... શૂન્ય સિવાય શું શેષ રહે?

પણ માર્દવીને ખબર કેવી રીતે પડી ગઈ?

વારંવાર આજ પ્રશ્ન ઊઠતો હતો. મોરલી સામે જેમ નાગ ડોલે તેમ અલકેશની દૃષ્ટિ સામે આ પ્રશ્ન ડોલતો હતો.

શહેર આવી ગયું. શહેરની અંદર જતાં પહેલી જ સોસાયટીના બસ સ્ટેન્ડ પર મ્યુનિસિપલ બસ ઊભી હતી. રક્ષાને એ સ્ટેન્ડ પાસે ઊતારવા માટે અલકેશે ગાડી રોકી.

'હવે કયારે?' રક્ષાએ પૂછ્યું.

'હંમેશની જેમ, ગુરુવારે આ જ બસ સ્ટેન્ડ પરથી તને લઈ જઈશ. પણ આ વખતે છને બદલે સાત વાગે આવીશ. કોઈ તારો પીછો કરતું હોય તો થાકીને માર્ગે પડે હમણાં માર્દવી બહુ શંકાશીલ બની ગઈ છે.'

'તારી એ ભેંસથી હવે ક્યારે છુટકારો મળવાનો છે?' રક્ષાએ પોતાની કમરને માપે એડજસ્ટ કરેલા સીટ બેલ્ટને છોડતાંકડવે સાદે પૂછ્યું.

'એ સહેલાઈથી છુટકારો નહિ આપે, રક્ષા! અને એ ગમે તેવી તોય દૂઝણી ભેંસ છે. એને પૈસે જ આપણો કારોબાર ચાલે છે.'

'તો પછી... તો પછી...' રક્ષા અટકી ગઈ. એ કહેવા માગતી હતી કે તો પછી એનો નિકાલ કરી નાખ. પણ શબ્દો એની જીભ સુધી આવી ન શક્યાં.

અલકેશે કહ્યું, 'તું ઉતાવળી ન થા, રક્ષા. એનો પોતાનો દેહ જ એનો દુશ્મન છે. એટલી તો વજનદાર થઈ છે કે એ વજન હેઠળ જ ક્યારેક એનું હૃદય દબાઈ જશે.'

'ત્યાં સુધી આપણે એના ભય હેઠળ જીવ્યા કરવાનું?'

'અરે, ભય શાનો છે? હું તારી સાથે છું, માય ડીઅર તારો જ છું. એને કદી આપણા સંબંધની ખબર નહિ પડવા દઉં.'

રક્ષા ઉમળકાભેર બાજુએ નમી. એણે હોઠ અલકેશની સામે ધર્યા, પણ અલકેશે પોતાનું મોં દૂર લઈ જતાં કહ્યું, 'તેં ફાર્મ પર મોં ધોઈને નવેસરથી લિપસ્ટિક લગાડેલી છે, રક્ષા. લિપસ્ટિકવાળું મોં લઈને હું ઘેર જવા નથી માગતો.'

**'એ સહેલાઇથી છુટકારો નહિ આપે, રક્ષા! અને એ ગમે તેવી તોય દૂઝણી ભેંસ છે. એને પૈસે જ આપણો કારોબાર ચાલે છે'**

બિચારી રક્ષા! એક આઘાત પામીને એ હઠી ગઈ. ઝડપથી સીટ બેલ્ટ ખોલીને ગાડીમાંથી ઊતરી પડી.

અલકેશ પણ ખિન્ન થઈ ગયો, પણ માર્દવીથી એ પોતાની હરકત છુપાવવા માગતો હતો. એ સંબંધમાં રતિભાર પણ ક્ષતિ આવવા દેવા એ તૈયાર નહોતા. એણે જરા ભારે હૈયે ગાડી હંકારી મૂકી.

પોતાના બંગલાથી થોડે દૂર ગાડી ઊભી રાખીને એણે મશીન બંધ કર્યું. કાચ ખોલી નાખ્યા, જેથી રક્ષાના અત્તરોની સુવાસ નીકળી જાય. એક વધારાની સાવચેતી તરીકે એણે સિગારેટ સળગાવી. એની વાસ અત્તરોની વાસને દૂર કરી દે. પછી બાજુની સીટપર અને સીટની પીઠ પર ઝીણવટભરી તપાસ કરી. એકાદ લાંબો વાળ પણ સ્ત્રીની હાજરીની સાક્ષી પૂરી શકે! પોતાના પહેરણને બરાબર ખંખેર્યું. ઘેર પહોંચ્યો ત્યારે માર્દવી એના 95 કિલોના દેહ સાથે પલંગમાં પડી હતી અને પલંગ બિચારો ચાર આંગળ જેટલો ઝૂકી ગયો હતો. પલંગમાં પડી પડી એ પોતાની પ્રિય ચોકલેટ ખાઈ રહી હતી. અલકેશ ભણી નજર પણ કર્યા વગર એણે પૂછ્યું, 'કેમ આટલું મોડું થયું?' આપણા કારખાનાનો માલ લેવા વડોદરાથી એક પાર્ટી આવેલી. સાથે ચા-પાણી લેતા જવા વખત લાગી ગયો.' માર્દવીએ ધીરે ધીરે, નાટકીય રીતે, એના ભણી મોં ફેરવ્યું. એ મોં પર ધૃણા, ક્રોધ, ખુન્નસના ભાવ ચોખ્ખા તરી આવ્યા હતા. માથું આજે જ ધોયું હોવાથી વાળ વિખરાયેલા હતા. એથી ચહેરો ભયાનક લાગતો હતો. અલકેશ એ ચહેરો જોઈ ડરી ગયો.

'અલકેશ!' જાણે કોઈ ઊંડી ગુફામાંથી આવતો હોય તેવા ભારેખમ અવાજે માર્દવી બોલી, 'તું અત્યારે કારખાનેથી નહિ પણ મારી પેલી શોકય પાસેથી આવે છે....

'ના, માર્દવી; તું-'

'હું ભ્રમમાં નથી! છતાં ખાતરી કરી લઉં'. માર્દવી ઊભી થઈ. એના વજનથી મુક્ત થતાં પલંગ ચમકી ઊઠયો. પછી રૂની મોટી ગાંસડી ગબડે તેમ...

એ ગેરેજ તરફ જ ગઈ હશે એની અલકેશને ખાતરી હતી. એણે બારીમાંથી નજર કરી. સાચે જ માર્દવીએ ગેરેજ ખોલ્યું હતું. પણ અંદરની બત્તી ચાલુ કરીને એણે બારણું બંધ કરી દીધું. એ શી તપાસ કરે છે એ અલકેશ જોઈ ન શકયો. એણે પગ પછાડયો. એક બેફિકર સ્મિત એના હોઠો પર રમી રહ્યું. ભલે ને માર્દવી મોટર પર માથા પટકીને મરે. એને કશો પુરાવો મળવાનો નથી, અલકેશને યાદ આવ્યું. માર્દવીએ પહેલાંતો ઈતર સંબંધની ફરિયાદ કરી હતી. પછી આક્ષેપ મૂકયો હતો. એ જયારે રીતસરના આક્ષેપ સુધી પહોંચી ત્યારે અલકેશ ચિંતિત બની ગયો. આને ખાતરી શી રીતે થઈ કે હું કોઈ બીજી સ્ત્રી સાથે સંબંધ રાખું છું! પહેલાં તો લાગ્યું કે એણે જાસૂસો મૂકયા હશે. એ માટે ઘણી વાર એણે ખોટા અને નિર્જન રસ્તા પર ગાડી ચલાવી. ઘણે સમયે નક્કી થયું કે માર્દવીએ જાસૂસ તો મૂકયા નથી. પરંતુ અલકેશન ઘેર આવે કે તરત માર્દવી ગેરેજમાં જવા લાગી અને મોટરગાડી તપાસવા લાગી. આથી અલેકશને લાગ્યું કે એણે મોટરમાં જ કશુંક... પેલા જેમ્સ બોન્ડના સાધન જેવું છુપાવી દીધું હશે? એણે ગાડી ઉલટાવી ઉલટાવીને તપાસી. બધા ખાના તપાસ્યાં સીટોની નીચે અને વચ્ચે જોયું. કયાંય છૂપો કેમેરા કે ટેપરેકોર્ડર કે એવું કશું ન મળ્યું. તો પછી એને ખબર શી રીતે પછી કે હું એક નવયુવાન રૂપાળી છોકરી સાથે ફાગ ખેલી રહ્યો છું?

**(વાચક મિત્રો! જરાક જુદી જાતની આ રહસ્યકથા આવતે અઠવાડિયે પૂરી કરીશું. દરમિયાનમાં જોઇએ ગત રહસ્ય કથાનો ઉકેલ)**

### રહસ્યકથા 'સમરૂપ'નો ઉકેલ

*'સાબિતીરૂપે ઘણા મુદ્દા રજૂ કરી શકાય એમ છે, મિસીસ વાઘાણી.' અજયે પોલાદી સ્વરે જણાવ્યું. 'સેક્રેટરી મમતાએ કહ્યું છે કે સાહેબના કપડાં, રૂમાલ અને રૂમાલની ગડી સુધ્ધા સમરૂપ જેવા હતા. ઇતર આદમીને આટલી ઝીણવટ ન સૂઝે.' 'બનાવટ કરનારના ગુપ્તચર કાર્તિકની ઓફિસમાં હોય એવું બની શકે.' 'શાબાશ, મિસીસ વાઘાણી! મને એમ કે પતિના કાવતરાના તમે માત્ર સાક્ષી હશો. પણ ગઇ રાતની ઘટનાએ સાબિત કર્યુંછે કે તમે સરખાં ગુનેગાર છો! તમે મને કહેલું કે અત્યારે ત્યાં એક જ કાર છે. હવે મયૂરે જોયું છે કે વાઘાણી કાર માટે હોટેલ પર આવ્યા. ઇન્સ્પેકટર દિનકરે મને ત્યાં સુધી કહ્યું કે તમે કાર ભગાવીને શબ ઓળખવા આવી રહ્ય છો! ગાડી હોટેલના પાર્કિંગમાંથી ઘેર કેવી રીતે આવી ગઇ? તમે જ એને પાછી ઘેણ લઇ ગયેલા! હજુ એક વધુ સાબિતી! મયૂર કહે છે કે પોતાને વાઘાણીના સમરૂપ લાગેલા આદમી પાસે રીવોલ્વર હતી. પણ પોલીસને એની લાશ પાસેથી એવું કશું ન મળ્યું. તો એ રીવોલ્વર કયાં ગઇ? તમે જ આવીને એ ઉઠાવી ગયેલાં, જેથી ખૂનનો ગુનો બને. સ્વરક્ષણ અને ભ્રમના નહિ! બોલો શું હું ખોટું બોલું છું?' રીના પાસે આ પ્રશ્નનો ઉત્તર નહોતો.*